For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in



રામનવમી પર્વે વડોદરામાં ભક્તિનો મહાસાગર: ગલીએ ગલીએ શોભાયાત્રા અને કેસરીયો માહોલ

# સંસ્કારી નગરી 'રામમય'

**આકરી** ગરમી પણ શ્રદ્ધાને ડગાવી ન શકી

**કુંભારવાડાથી** ન્યાયમંદિર સુધીના સંવેદનશીલ રૂટ પર ચુસ્ત પહેરો

**શોભાયાત્રાઓ** નિર્વિઘ્ને પૂર્ણ થતા તંત્રે રાહતનો શ્વાસ લીધો

(પ્રતિનિધિ) વડોદરા તા.26

કરોડો લોકોના આરાધ્ય દેવ ભગવાન શ્રી રામના પ્રાગટ્ય પર્વ 'રામ નવમી'ની આજે વડોદરા શહેરમાં અત્યંત ભક્તિભાવપૂર્ણ અને ઉત્સાહભર્યા માહોલમાં ઉજવણી કરવામાં આવી હતી. કાળઝાળ ગરમી હોવા છતાં ભક્તોની શ્રદ્ધા અડગ રહી હતી અને સમગ્ર સંસ્કારી નગરી 'જય શ્રી રામ'ના નાદ સાથે ગુંજી ઉઠી હતી.





દિવસની શરૂઆતથી જ શહેરના વિવિધ રામ મંદિરોમાં શ્રદ્ધાળુઓનું કીડીયારું ઉભરાયું હતું. ખાસ કરીને મદનઝાંપા રોડ સ્થિત ઐતિહાસિક રામજી મંદિર ખાતે વહેલી સવારથી જ દર્શન માટે લાંબી કતારો જોવા મળી હતી. ભગવાનના જન્મોત્સવ નિમિત્તે મંદિરોમાં વિશેષ આરતી, મહાયજ્ઞ, અનુષ્ઠાન, હનુમાન ચાલીસા અને સુંદરકાંડના પાઠનું આયોજન કરવામાં આવ્યું હતું. બપોરે 12 કલાકે ભગવાનનો જન્મોત્સવ ઉજવાતા ભક્તોમાં આનંદ જોવા મળ્યો હતો.

ફતેગંજ, સમા, કારેલીબાગ, હરણી, ફતેપુરા, માંજલપુર અને વાડી સહિત શહેરના અનેક વિસ્તારોમાં નાની-મોટી શોભાયાત્રાઓ નીકળી હતી. સુશોભિત રથો, અખાડાના કરતબો અને ભજન મંડળીઓ સાથે નીકળેલી આ યાત્રાઓમાં હજારોની સંખ્યામાં રામભક્તો જોડાયા હતા, જેના કારણે શહેરના મુખ્ય માર્ગો પર કેસરીયો માહોલ છવાઈ ગયો હતો. ભૂતકાળમાં શોભાયાત્રા દરમિયાન કુંભારવાડા વિસ્તારમાં સર્જાયેલી પથ્થરમારાની ઘટનાને ધ્યાને રાખીને પોલીસ તંત્ર આ વખતે અત્યંત સતર્ક જોવા મળ્યું હતું. કુંભારવાડાથી ની કળીને યાકુતપુરા, ચાંપાનેર દરવાજા અને લહેરીપુરા થઈ ન્યાયમંદિર સુધી પહોંચનારી મુખ્ય શોભાયાત્રાના રૂટ પર જડબેસલાક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.

### આસમાનથી જમીન સુધી પોલીસની બાજનજર

ભૂતકાળની ઘટનાઓમાંથી બોધપાઠ લઈને વડોદરા પોલીસે આ વર્ષે રામનવમી પર સુરક્ષાના અભૂતપૂર્વ પ્રબંધો કર્યા હતા. કુંભારવાડાથી ન્યાયમંદિર સુધીના સંવેદનશીલ રૂટ પર પોલીસે 'ઝીરો ટોલરન્સ' નીતિ અપનાવી હતી. યાકુતપુરા ખાતે પતરા લગાવી દેવાયા હતા. ટેક્નોલોજીનો મહત્તમ ઉપયોગ કરી ડ્રોન દ્વારા ધાબા પોઈન્ટ્સનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું, જ્યારે સેંકડો પોલીસ જવાનોએ પગપાળા પેટ્રોલિંગ કરીને શાંતિ જાળવી હતી. તંત્રની આ જાગૃતતાને કારણે જ હજારો લોકો નિર્ભય બની ભક્તિમાં લીન થઈ શક્યા હતા.

મિત્ર સાથે વડાપાઉં ખાઈ હાથધોવા કેનાલમાં ઉતર્યો હતો


## સેવાસી કેનાલમાં ડૂબી જતા ધો.11માં અભ્યાસ કરતા ફૂટબૉલર પ્લેયરનું મોત

**મકરપુરા** GIDC ફાયર સ્ટેશનની ટીમે મૃતદેહને બહાર કાઢી પાદરા પોલીસને સોંપ્યો

(પ્રતિનિધિ) વડોદરા,તા.26

મિત્ર સાથે વડાપાઉં ખાઈ હાથધોવા ઉતરેલો વિદ્યાર્થી પગ લપસતા સેવાસી કેનાલમાં તણાયો હતો. બનાવની જાણ કરાતા ફાયરબ્રિગેડના જવાનો દ્વારા શોધખોળ કરવામાં આવી હતી પણ ભાળ મળી ન હતી. દરમિયાન બીજા દિવસે પાદરાના વડુ તરફ જવાના રસ્તેથી પસાર થતી કેનાલમાંથી તેનો મૃતદેહ મળી આવતા મકરપુરા જીઆઈડીસી ફાયર સ્ટેશનની ટીમે મૃતદેહને બહાર કાઢી પાદરા પોલીસને સોંપવામાં આવ્યો હતો.

વડોદરા શહેરના અટલાદરાની જીપીએસ સ્કૂલના ધો.11માં ભણતો હર્ષવર્ધન ક્ષેત્રિય વડસર સ્થિત પોતાના ઘરેથી સવારે એક્ટિવા લઈને નીકળ્યો હતો. રસ્તામાં તેણે આ જ સ્કૂલમાં ભણતા વિદ્યાર્થી ઓમ દુબેને પોતાની સાથે એક્ટિવા પર બેસાડયો હતો. તેઓ સવારે સેવાસી કેનાલ પાસે ગયા હતા અને ત્યાં વડાપાઉનો નાસ્તો કર્યો હતો. ત્યારબાદ મોં-ધોવા તે નજીકથી પસાર થતી કેનાલમા ઢાળવાળી જગ્યાએથી નીચે ઉતર્યો હતો. દરમિયાન તેનો પગ લપસતા તે સીધો જ નહેરના પાણીમાં ખાબક્યો હતો. આ દૃશ્ય જોતા તેના મિત્ર ઓમે બુમરાણ મચાવી મૂકી હતી. જેના કારણે આસપાસના લોકો એકત્ર થઈ ગયા હતા. દરમિયાન તેણે પોતાના માતા-પિતાને જાણ કરી હતી. તેના વાલીઓએ તુરંત જ ફાયરબ્રિગેડને જાણ કરી હતી.



જોકે લપસ્યા બાદ હર્ષવર્ધન પાણીમાં ગરક થઈ ગયો હતો. ફાયરબ્રિગેડના લાશ્કરોએ બોટ લાવીને તેની શોધખોળ હાથ ધરી હતી પણ રાત સુધી તેની કોઈ ભાળ મળી ન હતી. આ અંગે પોલીસે તેના મિત્ર ઓમની બનાવ અંગે પૂછપરછ કરીને બનાવની વધુ તપાસ હાથ ધરી હતી. દરમિયાન બીજા દિવસે વડોદરા ફાયર વિભાગને કોલ મળ્યો હતો કે પાદરાના વડુ જવાના રસ્તે કેનાલમાં લાશ દેખાય છે. જે માહિતી મળતા જ મકરપુરા જીઆઈડીસી ફાયર સ્ટેશનની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી અને મૃતદેહને બહાર કાઢીને પાદરા પોલીસને સોંપવામાં આવ્યો હતો. જ્યારે પોલીસે મૃતક કિશોરના પરિવારને બોલાવી ઓળખ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

મૃતક નશો કરેલી હાલતમાં હોવાનો સ્થાનિકોનો આક્ષેપ

## ગધેડા માર્કેટ નજીક ડીજે મુકેલા આઈસર ટેમ્પોમાં ઘૂસી જતા બાઈક સવાર આધેડનું મોત

**ચાલકને** માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા 108 મારફતે સારવાર અર્થે ખસેડાયો હતો

(પ્રતિનિધિ) વડોદરા,તા.26

રસ્તા પર અવરોધ રૂપ ડીજે વાહનોનો ખડકલો જામતા અકસ્માત સર્જાયો હતો. શહેરના કિશનવાડી ગધેડા માર્કેટથી મહાવીર હોલ ચાર રસ્તા તરફ ભાથુજી ચોક પાસે વાહન પર નિયંત્રણ ગુમાવતા રોડ સાઈડ પર પાર્ક થયેલા ડીજે મુકેલા આઈસર ટેમ્પોમાં બાઈક સવાર ઘુસી જતા ઈજાગ્રસ્ત થયો હતો. જેને તાત્કાલિક સારવાર માટે ખસેડાયો હતો. જ્યાં ટૂંકી સારવાર દરમિયાન તેઓનું મોત થયું હતું.

વડોદરામાં અકસ્માતોની વણથંભી વણઝાર અટકવાનું નામ લઈ રહી નથી. ત્યાંતો વધુ એક અકસ્માતની ઘટના



બની હતી. શહેરના ગધેડા માર્કેટ ચાર રસ્તા નજીક ભાથુજી ચોક પાસે ગુરુવારે અકસ્માત સર્જાયો હતો. જેમાં રોડ સાઈડ પર ઉભેલી આઈસરમાં બાઈક પર સવાર આધેડ પાછળના ભાગે ઘુસી ગયા હતા. સર્જાયેલા અકસ્માતમાં ચાલકને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા તાત્કાલિક સ્થાનિક લોકો દ્વારા 108 મારફતે તેઓને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. સ્થાનિકોના આક્ષેપ મુજબ બાઈક સવાર નશો કરેલી હાલતમાં હતો. જેના કારણે બાઈક પર નિયંત્રણ ગુમાવતા અકસ્માત થયો હતો. બનાવ અંગે સ્થાનિક પોલીસે આગળની કાર્યવાહી હાથધરી હતી. અકસ્માતમાં મૃત્યુ પામનાર વ્યક્તિની ઓળખ 50 વર્ષીય મનોજભાઈ અંબાલાલ વસાવા તરીકે થઈ છે. જેઓ, વડોદરા તાલુકાના કતારપુર ગામના વતની અને ખેતીનો વ્યવસાય કરતા હોવાનું જાણવા મળ્યું હતું. નોંધનીય છે કે, કિશનવાડી ગધેડા માર્કેટ ચાર રસ્તાથી માંડી મહાવીર હોલ ચાર રસ્તા સુધી જાહેર માર્ગ પર અનેક દબાણો ઉભા થઈ ગયા છે. ખાસ કરીને ડીજેના સંચાલકો પોતાના મોટા વાહનો આ માર્ગ પર પાર્ક કરે છે તેમજ અમુક લારીઓના દબાણો ઉભા થયા છે. જેના કારણે રસ્તો સાંકડો બન્યો છે. આ માર્ગ પરથી દરરોજ મોટી સંખ્યામાં વાહનોની અવર જવર રહેતી હોય છે. જેના કારણે અગાઉ પણ ઘણી વખત અકસ્માતોના બનાવો બન્યા છે. ત્યારે, આ માર્ગ પરથી અવરોધ રૂપ દબાણો હટાવવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠી છે.

## કરચીયા યાર્ડના રેલ કર્મીને વીજ કરંટ લાગતા સારવાર બાદ મોત

**રેલવે** દ્વારા વળતર અને પરિવારના સભ્યને નોકરી આપવાની ખાતરી

(પ્રતિનિધિ) વડોદરા. તા.26

શહેરના કરચીયા યાર્ડમાં ફરજ બજાવતા એક યુવાન રેલવે કર્મચારીનું વીજ કરંટ લાગ્યા બાદ સારવાર દરમિયાન મોત નિપજતા રેલવે વિભાગ અને મૃતકના પરિવારમાં ભારે શોક વ્યાપી ગયો છે. ગત શનિવારે બનેલી આ દુખદ ઘટનામાં ગંભીર રીતે ઘવાયેલા કર્મચારીએ બુધવારે અંતિમ શ્વાસ લીધા હતા. આજે ગોત્રી હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમની પ્રક્રિયા પૂર્ણ કરી મૃતદેહ પરિવારજનોને સુપ્રત કરવામાં આવ્યો હતો.

મળતી માહિતી મુજબ, વડોદરાના કરચીયા યાર્ડમાં રેલવેમાં ખાલાસી તરીકે ફરજ બજાવતા ગૌતમ સોલંકી ગત શનિવારે રાત્રે પોતાની નિયમિત ફરજ પર હતા. તેઓ યાર્ડમાં ઉભેલા એક ટેન્ક વેગન પર ચઢીને સમારકામ કરી રહ્યા હતા. આ દરમિયાન અચાનક ઉપરથી પસાર થતી હાઈટેન્શન લાઈનનો જોરદાર કરંટ લાગતા તેઓ ફંગોળાઈને વેગન પરથી નીચે પટકાયા હતા. ઘટનાને પગલે સ્થળ પર હાજર અન્ય કર્મચારીઓએ તાત્કાલિક ગૌતમભાઈને સારવાર અર્થે નજીકની ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યા હતા. બુધવારે સારવાર દરમિયાન તેમનું કરુણ મોત નિપજ્યું હતું. ગુરુવારે ગૌતમ સોલંકીના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે વડોદરાની ગોત્રી હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યો હતો. રેલવે તંત્ર દ્વારા આ મામલે સત્તાવાર તપાસના આદેશ આપવામાં આવ્યા છે. મૃતકના પરિવારને એક્સ-ગ્રેસિયા તરીકે વળતરની રકમ ચૂકવવામાં આવશે. પરિવારના એક સભ્યને નિયમ મુજબ રેલવેમાં રહેમરાહે નોકરી આપવામાં આવશે. રેલવેના અધિકારીઓએ પરિવારને સાંત્વના પાઠવી હતી અને વહેલી તકે તમામ સહાય પૂરી પાડવાની ખાતરી આપી હતી.

આંતરરાષ્ટ્રીય બજારની અસ્થિરતાને પગલે ખાનગી કંપનીએ ભાવ વધાર્યો

## નાયરાએ પેટ્રોલના રૂ. 5 અને ડીઝલમાં રૂ.3 વધાર્યા

**પેટ્રોલ** 99.34 અને ડીઝલ 92.76 એ પહોંચ્યું

**IOCL,** BPCL અને HPCL ના ભાવ હજુ પણ સ્થિર

(પ્રતિનિધિ) વડોદરા. તા.26

છેલ્લા ત્રણ દિવસથી ગુજરાતના ખૂણેખૂણે પેટ્રોલ અને ડીઝલની અછતની અફવાઓએ જે પ્રકારે જોર પકડ્યું છે, તેણે સામાન્ય જનતામાં ભારે ફફડાટ ફેલાવ્યો છે. સોશિયલ મીડિયા પર વહેતી થયેલી 'ઈંધણ ખૂટી જશે' તેવી અફવાઓના પગલે રાજ્યભરના પેટ્રોલ પંપો પર વાહનચાલકોનું કીડિયારું ઉભરાયું હોય તેવી સ્થિતિ સર્જાઈ હતી. આ અફરાતફરીના માહોલ વચ્ચે ખાનગી ક્ષેત્રની જાયન્ટ કંપની 'નાયરા એનર્જી' એ ઈંધણના ભાવમાં મોટો વધારો ઝીંકીને બળતામાં ઘી હોમવાનું



કામ કર્યું છે. વૈશ્વિક સ્તરે યુદ્ધની ગંભીર સ્થિતિ અને ક્રૂડ ઓઈલના સપ્લાયમાં આવતા અવરોધોને પગલે નાયરાએ પોતાના ભાવમાં ધરખમ વધારો કર્યો છે. કંપનીએ પેટ્રોલના ભાવમાં 5 પ્રતિ લિટર અને ડીઝલના ભાવમાં 3 પ્રતિ લિટરનો વધારો જાહેર કર્યો છે. હવે નાયરાના પંપ પર પેટ્રોલ 99.34 અને ડીઝલ 92.76 ના ભાવે મળશે.રાહતની વાત એ છે કે IOCL, BPCL અને HPCL જેવી સરકારી કંપનીઓએ હજુ સુધી ભાવ વધાર્યા નથી, જેના કારણે સરકારી પંપો પર પ્રચંડ ભીડ જોવા મળી રહી છે. યુદ્ધની સ્થિતિને કારણે ભારતને મળતા તેલના પુરવઠામાં કાપ આવશે તેવી ખોટી વાતો સોશિયલ મીડિયા પર વાયુવેગે ફેલાઈ હતી. પરિણામે, જે વાહનચાલકોને માત્ર 200નું પેટ્રોલ જોઈતું હતું, તેઓ પણ ટાંકી ફૂલ કરાવવા દોડ્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, છેલ્લા 48 કલાકમાં રાજ્યમાં ઈંધણનું વેચાણ સામાન્ય દિવસો કરતા 4 ગણું વધી ગયું હતું. આ અચાનક આવેલી ડિમાન્ડને કારણે અનેક પંપો પર 'નો સ્ટોક' ના બોર્ડ ઝૂલતા જોવા મળ્યા હતા, જેણે અફવાઓને વધુ બળ પૂરું પાડ્યું હતું. આ ગંભીર સ્થિતિની ગૂંજ ગુજરાત વિધાનસભાના ચાલુ સત્રમાં પણ સંભળાઈ હતી. વિપક્ષ દ્વારા સરકારને આ મામલે ઘેરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

### રિફાઇનરીનું પ્લાન્ટ 35 દિવસ બંધ રહેશ

ઈરાન-ઈઝરાયેલ સંઘર્ષના કારણે સર્જાયેલી અફરાતફરી બાદ હવે સ્થિતિ થાળે પડી રહી છે, ત્યાં જ સામાન્ય જનતા પર મોંઘવારીનો વધુ એક માર પડ્યો છે. ગુરુવારે સવારે 6 વાગ્યાથી નાયરા કંપની દ્વારા ઇંધણના ભાવમાં વધારો જાહેર કરવામાં આવ્યો છે. ભાવ વધારાની સાથે જ નાયરા રિફાઇનરીએ 35 દિવસના શટડાઉનની જાહેરાત કરી છે. જોકે, આ અંગે ગભરાવાની જરૂર નથી. અમારા પ્રતિનિધિની તપાસ મુજબ, દરેક પેટ્રોલિયમ રિફાઇનરી વર્ષમાં એકવાર વાર્ષિક મેન્ટેનન્સ માટે પ્લાન્ટ બંધ રાખતી હોય છે. આ એક નિયમિત પ્રક્રિયા છે અને તેની પાછળ અન્ય કોઈ નકારાત્મક કારણ નથી.

## પારુલ યુનિવર્સિટીના ફિઝિયોના વિદ્યાર્થીનો રહસ્યમય આપઘાત

**સુરતના** વરાછા વિસ્તારનો રહેવાસી, વાઘોડિયા રોડ પર મિત્રો સાથે રહેતો હતો વિદ્યાર્થી

**બાપોદ** પોલીસે લાશને પીએમ માટે મોકલી તપાસ શરૂ કરી, કારણ અંગે રહસ્ય યથાવત

(પ્રતિનિધિ) વડોદરા, તા. 26

વડોદરાના વાઘોડિયા રોડ વિસ્તારમાં ભાડાના મકાનમાં રહેતા પારુલ યુનિવર્સિટીના ફિઝિયોથેરાપીના વિદ્યાર્થીએ રહસ્યમય સંજોગોમાં ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યાની ઘટના સામે આવી છે.

પ્રાપ્ત માહિતી મુજબ સુરતના વરાછા વિસ્તારની વર્ષા સોસાયટીનો રહેવાસી રુત્વિક વિપુલભાઈ કલસરીયા (ઉ.વ. 22) વડોદરાના વાઘોડિયા રોડ પર આવેલી ચન્દ્રગુપ્ત સોસાયટીમાં બે મિત્રો સાથે ભાડેથી રહી પારુલ યુનિવર્સિટીમાં ફિઝિયોથેરાપીના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતો હતો. ગઈ રાત્રે




તેની સાથે રહેતા મિત્રો જમવા માટે બહાર ગયા હતા.

પછી મિત્રો પરત ફર્યા ત્યારે રસોડામાં પંખા સાથે રુત્વિક ફાંસો ખાધેલી હાલતમાં લટકતો જોવા મળ્યો હતો. ઘટનાની જાણ થતાં બાપોદ પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને લાશને નીચે ઉતારી પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી હતી. વિદ્યાર્થીએ કયા કારણોસર આપઘાત કર્યો તે અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને પ્રોગ્રામ લેગ્વેજ જેવા વિષયોનો સમાવેશ

## નવા શૈક્ષણિક વર્ષથી ધો.1થી 11માં જુદા જુદા નવા પુસ્તકો અભ્યાસક્રમમાં લાગુ કરાશે

**13 વર્ષ** પછી એકસાથે ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી માધ્યમમાં પણ પુસ્તકો બદલાશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.26

પ્રાથમિકથી લઈને માધ્યમિક સુધીના વિવિધ માધ્યમોમાં વર્ષ 2026-27માં જુદા જુદા 32 પાઠ્યપુસ્તકોમાં સંપૂર્ણ ફેરબદલ કરી દેવામાં આવ્યો છે. અમલમાં લાવવામાં આવેલા નવા પુસ્તકોમાં ભાષા,ગણિત અને સાયન્સ એન્ડ ટેકનોલોજીના પુસ્તકો પર વિશેષ ભાર મુકાયો છે.ખાસ કરીને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને પ્રોગ્રામ લેગ્વેંજના વિષયોને પણ સામેલ કરાયા છે.

શિક્ષણ વિભાગ દ્વારા સમયાંતરે ધો.1થી 11ના પાઠ્યપુસ્તકોમાં ફેરફાર કરવામાં આવતો હોય છે. વર્તમાન પરિસ્થિતિને અનુકુળ હોય તેવા વિષયો દાખલ કરીને જૂના વિષયો રદ કરવામાં આવતાં હોય છે. વર્ષ 2026-27માં જુદા જુદા ધોરણોના અંદાજે 32 પુસ્તકોમાં મોટાપાયે ફેરબદલ કરવાની જાહેરાત કરી દેવામાં આવી છે. મહત્વની વાત એ છે કે,ધો.9 અને 11માં વર્ષ 2013--14માં નવા પુસ્તકો દાખલ કરવામાં આવ્યા હતા. હાલમાં જ આજ પુસ્તકો ભણાવવામાં આવી રહ્યા છે. હવે પછી અંદાજે 13 વર્ષ પછી અત્યાધુનિક પુસ્તકો દાખલ કરવામાં આવ્યા છે. જેમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ(AI) અને આધુનિક પ્રોગ્રામિંગ લેંગ્વેજ જેવા વિષય પર પહેલી વખત દાખલ કરવામાં આવ્યા છે. પ્રાથમિક વિભાગમાં ધો.2માં ગુજરાતી પ્રથમ અને દ્વિતીય ભાષામાં વાચનમાળા નામનું પુસ્તક અને ધો.3માં ગણિત મેળો અને આપણી અદ્દભૂત દૂનિયા (પર્યાવરણ) જેવા પુસ્તકો દાખલ કરવામાં આવ્યા છે. આજ રીતે ધો.6માં ગણિત પ્રકાશ અને વિજ્ઞાનમાં કુતુહલ નામના પુસ્તકો તૈયાર કરી દેવામાં આવ્યા છે. ધો.7 અને 8માં અંગ્રેજી અને હિન્દી માધ્યમના પુસ્તકોમાં શ્રીમદ્દ ભાગવદ ગીતા ના પાયાના મૂલ્યો જેવું પુસ્તક દાખલ કરીને વિદ્યાર્થીઓમાં નૈતિક્તાના મુલ્યો વધે તેવો પ્રયાસ કરવામાં આવ્યો છે. હાલની સ્થિતિમાં ધો.6થી 8માં શ્રીમદ્દ ભાગવદ ગીતા એક સમાન પુસ્તક ભણાવવામાં આવતું હતુ. પરંતુ હવે આગામી વર્ષથી ધો.7માં દરેકમાં આ લાગુ કરવામાં આવશે.

### ડ્રોપ-આઉટ વિદ્યાર્થીઓને રોકવા સરકારની કવાયત

આવતા વર્ષથી ઓપન એજ્યુકેશન શરૂ થશે. જેથી વિદ્યાર્થીઓને પાસ થવાનો વધારાનો એક મોકો મળશે. દરેક હાયર સેકન્ડરી સ્કૂલોમાં ઓપન એજ્યુકેશન સેન્ટર ખોલવામાં આવશે. આ સેન્ટરોમાં નિયમિત હાજરી જરૂરી નથી. જો કોઈ બાળક સામાન્ય શિક્ષણમાં ફેલ થયું તો તેને ઓપન એજ્યુકેશનમાં પ્રવેશ અપાવી પાસ કરાવી શકાશે. આ યોજના દ્વારા વિદ્યાર્થીઓને બીજી તક આપવામાં આવશે. આ યોજનાનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને અભ્યાસ છોડતા રોકવાનો અને તેમને શિક્ષણમાં પાછા લાવવાનો છે.

## રિક્ષા અને ટ્રક વચ્ચે અકસ્માત પતરામાં ફસાયેલા ડ્રાઈવરનો બચાવ

**મકરપુરા** ફાયર સ્ટેશન સામે ઊભેલી ટ્રકની પાછળ રિક્ષા ધડાકાભેર અથડાઈ

(પ્રતિનિધિ) વડોદરા. તા.26

બુધવારે રાત્રે મકરપુરા ફાયર સ્ટેશન પાસે રોડની સાઈડમાં એક ટ્રક ઉભી હતી. આ દરમિયાન રિક્ષા નંબર GJ 06 AV 3425 ના ચાલકે અગમ્ય કારણોસર સ્ટેયરીંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો અથવા અંધારામાં ઉભેલી ટ્રક ન દેખાતા રિક્ષા સીધી જ ટ્રકની પાછળના ભાગે ઘૂસી ગઈ હતી. અકસ્માતનો અવાજ એટલો પ્રચંડ હતો કે આસપાસના લોકો અને ફાયર સ્ટેશનનો સ્ટાફ તુરંત ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. અકસ્માતને પગલે રિક્ષાના આગળના ભાગનો ભુક્કો બોલી ગયો હતો. રિક્ષા ચાલકના બંને પગ સ્ટીયરીંગ અને લોખંડના પતરાની વચ્ચે ખરાબ રીતે ફસાઈ ગયા હતા. ગંભીર ઈજાઓને કારણે ચાલક અસહ્ય પીડાથી કણસી રહ્યો હતો. ઘટનાની જાણ થતા જ 108 ઈમરજન્સી સેવાની ટીમ તાબડતોબ સ્થળ પર પહોંચી હતી.

સ્થાનિક લોકો અને પેરામેડિકલ સ્ટાફે ભારે જહેમત ઉઠાવી, પતરાં ખેંચીને રિક્ષા ચાલકને મહામુસીબતે બહાર કાઢ્યો હતો. પ્રાથમિક સારવાર આપ્યા બાદ તેને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. GIDC જેવા વ્યસ્ત વિસ્તારમાં રાત્રિના સમયે રોડ પર પાર્ક કરાયેલા ભારે વાહનો વારંવાર જીવલેણ અકસ્માતનું કારણ બનતા હોય છે.

ફાયર સ્ટેશન અને વોર્ડ ઓફિસ જેવા સરકારી સંકુલની સામે જ બનેલી આ ઘટનાએ ટ્રાફિક સુરક્ષા અને ગેરકાયદે પાર્કિંગ સામે ફરી એકવાર લાલબત્તી ધરી છે. મકરપુરા પોલીસે આ મામલે અકસ્માતનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

